# બોર્ડ બેઠક નં.૨૪૮

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૧૦/૨૦૨૧ના રોજ બપોરના ૪:૦૦ કલાકે મળેલ ૨૪૮ મી બેઠકની કાર્યવાહી નોંધ

---

**બોર્ડ બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | અધ્યક્ષ શ્રી<br>વ<br>સભ્યશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ,<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | સભ્યશ્રી |
| (૨) | પ્રભુખશ્રી<br>જીલ્લા પંચાયત, વડોદરા | સભ્યશ્રી |
| (3) | પ્રાદેશિક કમીશ્નરશ્રીના પ્રતિનિધિ અધિક કલેટરશ્રી<br>નગર પાલિકાઓની કચેરી,૪ થો માળ, વુડા, વડોદરા. | સભ્યશ્રી |
| (૪) | મુખ્ય નગર નિયોજકશ્રીના<br>પ્રતિનિધિ<br>પ્રવર નગર નિયોજકશ્રી,<br>નગર રચના અધિકારીશ્રી, વડોદરા શાખા | સભ્યશ્રી |
| (૫) | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | સભ્યશ્રી |
| (૬) | મુખ્યકારોબારી અધિકારીશ્રી<br>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરા | સભ્ય સચિવશ્રી |

**આજની બેઠકમાં કોરમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુધ્દા નં.૧ થી ૯ અને અધ્યક્ષ સ્થાનેથી મુધ્દા નં.૧ ની નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.**

**મુદ્દા નંબર :(૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૬/૦૩/૨૦૨૧ ની ૨૪૭ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૬/૦૩/૨૦૨૧ ની ૨૪૭ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર.નં.યુડીએ/મીટીંગ/૨૨૫/૨૦૨૧, તા.૩૦/૦૩/૨૦૨૧ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે. જે સત્તામંડળની બહાલી માટે રજુ થતા ઠરાવો બાબતે કોઇ સભ્યશ્રી તરફથી વાંધાસુચન મળેલ ન હોય સર્વાનુમતે બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક:(૨૭૫૧)</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૬/૦૩/૨૦૨૧ ની ૨૪૭મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર: (૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૧/૨૦૨૦ ની ૨૪૬ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૧/૨૦૨૦ ની ૨૪૬ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો આ સાથે પત્રકમાં દર્શાવેલ જે વુડા બોર્ડ સમક્ષ રજુ કરતા થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી તથા તે પરત્વે તમામ સભ્યશ્રીઓની સર્વ સંમતિથી બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક:(૨૭૫૨)** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૧/૨૦૨૦ ની ૨૪૬ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી તથા અમલીકરણના મુધ્દા નં.૯ માં CGST વિભાગ પાસે ટેક્ષમાં માફી આપવા CGSTની સમક્ષ કચેરીની સત્તા અંગે તથા ઇનપુટક્રેડીટની માહિતી મેળવવા ફરીથી પત્ર પાઠવવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર: (૩)** વુડાના પુર્વ વિસ્તારના ૧૧ ગામોનો સરદાર સરોવર નર્મદા નિગમ લી. ની રામેશરા ખાતેની વડોદરા બ્રાંન્ચ કેનાલમાંથી ૧૦ MLD પીવાનું પાણી લઇ ટી.બી તળાવ પાસે WTP બનાવી વોટર સપ્લાય નેટવર્કના પ્રોજેકટની કામગીરી માટે પી.એમ.સી. દ્વારા તૈયાર કરેલ ડી.પી.આર બાબત.

વડોદરા મહાનગરપાલિકાની હદને અડીને નેશનલ હાઈવે નં. ૮ ના પુર્વ વિસ્તારમાં આવેલ વડોદરા જીલ્લાના વાઘોડિયા તાલુકાના હનુમાનપુરા, જેસંગપુરા, આમોદર, સિકંદરપુરા, બાકરોલ, શ્રીપોરટીંબી, પવલેપુર તેમજ વડોદરા તાલુકાના મોજે સયાજીપુરા, અણખોલ, ખટંબા, શંકરપુરા વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ(વુડા) માં સમાવિષ્ટ છે. સદર વિસ્તાર વડોદરા શહેરની ખુબ જ નજીક આવેલ હોવાથી આ વિસ્તારમાં રહેણાંક, વાણિજ્ય, શૈક્ષણિક તેમજ મોટા કોર્પોરેટ સંકુલ વિગેરેના વિકાસનું કાર્ય ઝડપથી ચાલુ છે. વુડાના પુર્વ વિસ્તારના ગામોમાં થઈ રહેલ વિકાસને ધ્યાને લઈ વુડા દ્વારા પીવાનું પાણી પુરૂ પાડવા સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ (SSNNL) ને નર્મદા કેનાલ માંથી 40 MLD પાણી આપવા દરખાસ્ત કરેલ હતી. જે અન્વયે SSNNL દ્વારા વુડાને 10 MLD પાણી રામેશરા હેડ વર્ક્સ, વડોદરા બ્રાન્ચ કેનાલ (V.B.C.) માંથી લેવાની મંજુરી આપેલ હતી. પરંતુ ત્યાંથી પાણી લાવવામાં પાઈપલાઈન ખર્ચ વધી જતો હોવાથી નિમેટા ખાતે વડોદરા બ્રાન્ચ કેનાલ (V.B.C.) માંથી પાણી આપવામાં આવે તો ૫૦% ખર્ચમાં કામગીરી શકય બને તેમ હોવાથી SSNNL ની મંજુરી માંગેલ હતી. પરંતુ તેઓ દ્વારા દરખાસ્ત ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. પરંતુ મા. અધિક મુખ્ય સચિવશ્રીની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની વી.સી. માં હાજર સેક્રેટરીશ્રી GWSSB દ્વારા જલ જીવન મીશન હેઠળ દરખાસ્ત કરવા જણાવતા GWSSB ને જલ જીવન મીશન હેઠળ પાણી પુરવઠા સ્કીમમાં નાણા ફાળવવા દરખાસ્ત કરેલ હતી. જે પરત્વે GWSSB દ્વારા રૂ. ૧૦૦ કરોડ ફાળવવા ઠરાવ કરેલ છે. આથી રામેશરા હેડવર્કસ, વડોદરા બ્રાન્ચ કેનાલ માંથી પાણી લઈ પ્રોજેકટ તૈયાર કરવા સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડને અગાઉ 10 MLD પાણીની મંજુરી મળેલ હોય વધારાના 10 MLD પાણી આપવા માટે દરખાસ્ત કરેલ છે. જે મુજબ પીવાના પાણી માટે નેટવર્ક નાખી પ્રોજેકટ શરૂ કરવા માટે સાઈટ સર્વે કરી, એસ્ટીમેટ તૈયાર કરી, DPR બનાવી, ટેન્ડર પ્રક્રિયા કરી કામગીરી દરમ્યાન સુપરવિઝનની કામગીરી માટે PMC તરીકે ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગરને વુડા બોર્ડ બેઠક નં. ૨૪૭ ના મુદ્દા નં. ૧૩ ના ઠરાવ ક્રમાંક નં. ૨૭૫૦ થી બહાલી આપવામાં આવેલ છે. ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગર દ્વારા સાઈટ સર્વે કરી, એસટીમેટ તૈયાર કરી, DPR ફેઝ વાઈઝ તૈયાર કરી ૫૦ MLD પાણીના પ્રોજેક્ટ માટે રૂ. ૧૨૫ કરોડનો DPR વુડા કચેરીમાં જમા કરાવેલ છે રામેશરા હેડવર્કસથી SSNNL ની જમીનમાં પાઈપલાઈન નાખવાની થતી હોવાથી તથા ઓફટેક સ્ટ્રકચર્સ માટે પણ SSNNLપાસે જમીન ઉપલબ્ધ હોઈ જમીનની ફાળવણી કરવા દરખાસ્ત કરેલ છે. જે મુજબ GWSSB દ્વારા તાંત્રિક મંજુરી આવ્યેથી ટેન્ડર પ્રક્રિયા કરી આગળની કાર્યવાહી હાથ ધરવાની થાય છે. આમ ઉપરોકત વિગતે SSNNL દ્વારા જમીનના ભાડા પેટે જે નક્કી કરે તે ભાડુ ચુકવવાનું થશે તદઉપરાંત GWSSB દ્વારા મળનાર ગ્રાન્ટ ઉપરાંત કામગીરી માટે જે વધુ ખર્ચ થાય તે વુડા દ્વારા ભોગવવાનો થશે.

જે અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વે સભ્યશ્રીઓ સમક્ષ જાણ, ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા મુ.કા.અ.શ્રી. દ્વારા જણાવ્યુ કે ભવિષ્યમાં વી.એમ.સી. દ્વારા પણ રામેશરાથી પાણી લાવવાનું આયોજન છે. જે અન્વયે કમિશ્નરશ્રી, વી.એમ.સી./ચેરમેનશ્રી, વુડાએ સૂચવ્યુ કે, વી.એમ.સીએ પણ આ વિસ્તારમાં પાણીની વ્યવસ્થા કરવાની થતી હોઈ સંયુક્ત પ્રોજેકટ થાય તો બંને સંસ્થાને ખર્ચમાં ઘટાડો થઈ શકે છે. જેની શક્યતા ચકાસવી જોઈએ. જે અન્વયે વીએમસીની વિધિવત દરખાસ્ત મળ્યેથી સંયુક્ત પ્રોજેકટને વિચારણામાં લેવા સર્વ સંમતિ હતી. જેથી વુડા વિસ્તાર માટે બનાવેલ રૂ. ૧૨૫ કરોડ નો DPR તાંત્રિક મંજૂરી માટે GWSSB ને પાઠવવા તથા GWSSB દ્વારા ફાળવવામાં આવનાર ગ્રાન્ટ ઉપરાંત થનાર તમામ ખર્ચને મંજુરી આપવા સર્વ સંમતિ હતી. આથી તે પરત્વે સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૫૩)** : વુડાના પુર્વ વિસ્તારના ૧૧ ગામોનો સરદાર સરોવર નર્મદા નિગમ લી. ની રામેશરા ખાતેની વડોદરા બ્રાંન્ચ કેનાલમાંથી પાઈપ લાઈન મારફત પીવાનું પાણી લઇ ટી.બી તળાવ પાસે WTP બનાવી વોટર સપ્લાય નેટવર્કના પ્રોજેકટની કામગીરી માટે પી.એમ.સી. દ્વારા તૈયાર કરેલ રૂ ૧૨૫ કરોડનો ડી.પી.આર. GWSSB ને તાંત્રિક મંજુરી અર્થે પાઠવવા તથા વુડા ધ્વારા થનાર અંદાજીત ખર્ચ પરત્વે આ પ્રોજેકટમાં GWSSB ની ગ્રાન્ટ ઉપરાંત થનાર તમામ ખર્ચને મંજુર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. તથા ભવિષ્યમાં વી.એમ.સી તરફથી સંયુકત પ્રોજેકટ માટે વિધિવત દરખાસ્ત મળ્યેથી તે મુજબ પ્રોજેકટમાં સુધારો કરી કામગીરી કરાવવા પણ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર: (૪) વડોદરા મહાનગર સેવાસદન દ્વારા તા.૦૩/૦૬/૨૦૨૧ ના રોજ વુડાને પાઠવેલ પત્ર પરત્વે વિશ્વામિત્રી નદીના પ્રોજેક્ટ માટે નદીની શરૂઆતથી અંત સુધી (એટલે કે, પાવાગઢથી ખંભાતના અખાત સુધી) નદીની લંબાઈ માટે ડી.પી.આર. બનાવવા થનાર રૂ.૪,૮૨,૯૪,૪૫૦/- ના ખર્ચ પૈકી રૂ.૨,૦૦,૦૦,૦૦૦/- ની ફાળાની રકમ વડોદરા મહાનગર સેવાસદનને ફાળવવા બાબત.**

વડોદરા મહાનગર સેવાસદન દ્વારા તા.૦૩/૦૬/૨૦૨૧ ના રોજના જાવક નંબર ૧૮૪ થી વિશ્વામિત્રી નદીના પ્રોજેક્ટ માટે નદીની શરૂઆતથી અંત સુધી (એટલે કે પાવાગઢથી ખંભાતના અખાત સુધી) નદીની લંબાઈ માટે ડી.પી.આર. બનાવવા થનાર રૂ.૪,૮૨,૯૪,૪૫૦/- ના ખર્ચ પૈકી ખર્ચની રકમ વુડા દ્વારા તેઓને ફાળવવા અંગે પત્ર પઠવાયેલ છે. ઉપરોક્ત પત્ર મુજબ "વિશ્વામિત્રી નદીના પ્રોજેક્ટ માટે માન. મુખ્યમંત્રીશ્રી સમક્ષ ગાંધીનગર ખાતે તા.૨૦/૧૨/૨૦૧૯ ના રોજ પ્રેઝન્ટેશન રજુ કરી, વિશ્વામિત્રી નદીના પ્રોજેક્ટ માટે વિગતવાર ચર્ચા કરેલ હતી. જેમાં વડોદરા મહાનગર પાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓ હાજર રહેલ હતા. આ બેઠકમાં સદર પ્રોજેક્ટ માટે વિશ્વામિત્રી નદીના શરૂઆતથી અંત સુધીના ભાગમાં કામગીરી માટે ડી.પી.આર. બનાવવા સલાહકારની નિમણુંક કરવા ટેન્ડર પ્રક્રિયાની કામગીરી શરૂ કરવા અંગે અત્રે સુચના મળેલ હતી. સદર અંગે અત્રેથી રાજ્ય સરકારશ્રીના કલ્પસર વિભાગ, ઈરિગેશન વિભાગ અને સેન્ટ્રલ ડિઝાઈન ઓર્ગેનાઈઝેશન વિભાગ સાથે વિગતવાર ચર્ચા કરી ટેન્ડરની કામગીરી માટે માર્ગદર્શન મેળવેલ હતુ. જે મુજબ અત્રેથી ડી.પી.આર. બનાવવાની કામગીરી માટે ટેન્ડર મંગાવેલ હતુ. જે મુજબ સદર કામે L1 સલાહકારશ્રી શ્રી સીકોન પ્રા.લી. બેંગ્લોર નું રૂ.૪,૮૨,૯૪,૪૫૦/-નું આવેલ ભાવપત્ર મંજુરી હેઠળ છે. સદર રીવર એક્શન પ્લાનને N.G.T(નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ)માં રજુ કરવામાં આવેલ હતો. જે જાણમાં લઈ N.G.T (નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ) દ્વારા અગાઉ જુલાઈ-૨૦૧૬ થી લાગુ કરેલ સ્ટે ઓર્ડરનો નીકાલ કરી, રીવર એક્શન પ્લાનનું અમલિકરણ કરવા જણાવેલ છે.

ઉક્ત મુજબ વિશ્વામિત્રી નદીના શરૂઆતથી અંત સુધીના ભાગમાં કામગીરી માટે, વિશ્વામિત્રી નદી સિંચાઈ વિભાગ, વુડા વિભાગ અને વડોદરા મહાનગર પાલિકાના હદ વિસ્તાર માંથી પસાર થતી હોઈ, ડી.પી.આર. બનાવવાની કામગીરી માટે થનાર ખર્ચ અંગે ત્રણેય સંસ્થા દ્વારા ખર્ચનો ફાળો આપવા પ્રાથમિક તબક્કે ચર્ચા થયેલ હતી. જે મુજબ રૂ.૧,૮૨,૯૪,૪૫૦/- નો ફાળો વડોદરા મહાનગર પાલિકા દ્વારા તથા રૂ.૧,૦૦,૦૦,૦૦૦/- નો ફાળો સિંચાઈ વિભાગ દ્વારા તથા રૂ.૨,૦૦,૦૦,૦૦૦/- નો ફાળો વુડા વિભાગ દ્વારા આપવાનો થાય છે. જે મુજબ આપની સંસ્થાને સંલગ્ન રૂપિયા રૂ.૨,૦૦,૦૦,૦૦૦/- ની ફાળાની રકમ અત્રે ફાળવવા વિનંતી છે. તેમ જણાવેલ. જે બાબતનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ,

<u>**ઠરાવ ક્રમાંક (૨૭૫૪)**</u> : ઉપરોકત મુદ્દા બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવી, જે મુજબ વિશ્વામિત્રી નદીની અભ્યાસ કરવા અર્થેની આશરે કુલ લંબાઇ પૈકી વુડાની હદ વિસ્તારમાં ૨૧ કિમી તથા વડોદરા મહાનગર સેવાસદનના હદ વિસ્તારમાં ૧૭ કિમીનો સમાવેશ થાય છે. ૨૧ કિમીની વુડા વિસ્તારમાંથી પસાર થતી લંબાઇ પરત્વે હાલ DPR બનાવવા પુરતી જ રૂ.૨,૦૦,૦૦,૦૦૦/- (અંકે બે કરોડ પુરા) વુડા વિકાસ ચાર્જ પેટે વસુલવામાં આવતી રકમમાંથી ચુકવવા તથા ભવિષ્યમાં સદર પ્રોજેકટ અન્વયે અન્ય Detail Project કે તેને આનુસાંગિક પ્રોજેકટ માટે વુડાના કાર્યક્ષેત્ર અંતગર્ત કોઇ જોગવાઇ ન હોય અન્ય કોઇ ખર્ચ ન આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર**: (૫) વુડાને નગર રચના યોજનાઓમાં સંપ્રાપ્ત થયેલ પ્લોટોને વાયર ફેન્સીંગ કરાવવા માટેના ખર્ચને રીવાઈઝડ મંજુરી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ટી.પી. સ્કીમોનાં અમલીકરણની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવેલ છે. પ્રારંભિક અને આખરી મંજુર થયેલ ટી.પી.સ્કીમોમાં ખાતેદારોને ફાયનલ પ્લોટનાં પઝેશન પણ સોંપી દેવામાં આવેલ છે. જેમાં અલગ-અલગ હેતુના ફાઈનલ પ્લોટો વુડાને સંપ્રાપ્ત થયેલ છે. સદર ટી.પી.સ્કીમોમાં સંપ્રાપ્ત થયેલ પ્લોટો પૈકી વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧, બીલ ટી.પી.સ્કીમ નં. ૧, પાદરા ટી.પી.સ્કીમ નં. ૧ અને ૨ માં સંપ્રાપ્ત થયેલ પ્લોટોમાં વુડા બોર્ડ બેઠક નં. ૨૧૫ તા. ૧૩/૦૭/૨૦૧૨ માં ઠરાવ નં. ૨૦૯૯ માં ઠરાવ્યાનુસાર વુડાને મળેલ પ્લોટો ફરતે વાયર ફેન્સીંગની કામગીરી કરાવી, તેમાં વુડાની માલીકીનાં બોર્ડ બનાવી લગાવવા અંગેની કામગીરી કરાવેલ હતી. ત્યારબાદ તે સિવાયની ટી.પી.સ્કીમોમાં ભાયલી, સેવાસી, ખાનપુર, અંકોડિયા અને નિમેઠા મળી કુલ ૦૯ સ્કીમોમાં અમલીકરણ થતા તે સ્કીમોમાં વુડાને સંપ્રાપ્ત થયેલ વિવિધ હેતુના પ્લોટોને વાયર ફેન્સીંગ કરવાની કામગીરી કરાવવા માટે પ્રથમ તબક્કામાં અંદાજો બનાવવા વુડા બોર્ડ બેઠક નં. ૨૩૫ તા. ૦૧/૦૨/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક નં. ૨૪૭૮ થી ઠરાવ્યા મુજબ સ્થપતી ડીઝાઈનર્સ એન્ડ કન્સલટન્ટસ પ્રા.લી., નવસારીને પી.એમ.સી. તરીકે નિમણુંક કરી ડી.પી.આર. તૈયાર કરાવવામાં આવેલ હતા તથા વુડા બોર્ડ બેઠક નં. ૨૪૫ ના ઠરાવ ક્રમાંક નં. ૨૭૨૦ માં સદર કામગીરી માટે અંદાજીત રૂ.૬,૩૧,૪૨,૨૧૫/- ની મંજુરી મળેલ હતી. પરંતુ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા. ૦૫/૦૭/૨૦૨૧ ના પરિપત્ર મુજબ વુડાનો જે વિસ્તાર વી.એમ.સી. માં ભળેલ છે તે વિસ્તારની નગર રચના યોજનાઓ અંતર્ગત સંપ્રાપ્ત થનાર ફાઈનલ પ્લોટો પૈકી કોમર્શીયલ તથા રેસીડેન્શીયલ હેતુના વેચાણપાત્ર પ્લોટો વુડા હસ્તક રહેલ હોવાથી વી.એમ.સી. માં ભળેલ ટી.પી.સ્કીમોના નવા પ્લોટોનો ઉમેરો થતા નવા પ્લોટોનો ઉમેરો કરી રીવાઈઝડ અંદાજો તૈયાર કરાવેલ છે. વુડાની નગર રચના યોજનાઓ પાદરા ટી.પી. ૧ અને ૨, ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, નિમેટા ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨, ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧, ૨, ૩ અને ૪, સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧, બીલ ટી.પી.સ્કીમ નં. ૧ તથા વી.એમ.સી. વિસ્તારની માંજલપુર ટી.પી.સ્કીમ ૧૯ ના વુડાની માલિકીના એફ.પી. ૨૦૦ અને ૨૦૫ ની જમીનોમાં વાયર ફેન્સીંગ કમ્પાઉન્ડ વોલ, ગેઈટ અને પ્લોટમાં વુડાની માલિકીનું બોર્ડ લગાવવાની કામગીરી માટે પી.એમ.સી. દ્વારા અંદાજીત રૂ.૧૨,૧૨,૪૬,૪૧૨/- ના ખર્ચના અંદાજો રજુ કરેલ છે. જેને તા. ૦૭/૦૯/૨૦૨૧ ના રોજ ટી.એસ. કમીટીમાં તાંત્રિક મંજુરી મળેલ છે. તે પરત્વે થનાર રૂ.૧૨,૧૨,૪૬,૪૧૨/- ખર્ચ ને રીવાઈઝડ મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૭૫૫)</u>** : વુડાને નગર રચના યોજનાઓમાં સંપ્રાપ્ત થયેલ પ્લોટોને વાયર ફેન્સીંગ કરાવવા થનાર અંદાજીત ખર્ચ રૂ. ૧૨,૧૨,૪૬,૪૧૨/- મંજુર કરવા તથા તે અંગે કરવાની થતી આગળની ટેન્ડર પ્રક્રિયા સહિતની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર: (૬)** મોજે ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨ ના એફ.પી. ૫૭, ૬૦ અને ૬૧ માં ગાર્ડન બનાવવા બાબત.

વુડા દ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો અંતર્ગત આજુ-બાજુના વિકાસને ધ્યાને લેતા મોજે ખાનપુર અને અંકોડિયાની રહેણાંક સોસાયટીઓના રહીશો માટે બાગ-બગીચાનું આયોજન જરૂરી હોઈ, મોજે ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨ માં બાગ-બગીચા માટે સંપ્રાપ્ત થયેલ એફ.પી. ૬૦ અને ૬૧ માં બગીચાની સુવિધા માટે પ્લોટની પસંદગી કરી અડીને આવેલ તળાવના નાના પ્લોટનો પણ સમાવેશ થયેલ છે. આર્કીટેકટશ્રી મમતા શાહ એન્ડ એસોસિયેટસને પ્લાનીંગની કામગીરી સોંપી ડ્રોઈંગ તૈયાર કરાવવામાં આવેલ છે. તેઓ દ્વારા તૈયાર કરેલ આયોજનના નકશા મુજબ આ ત્રણ પ્લોટોમાં તળાવ, ગાર્ડન, ગઝેબો, સ્ટ્રીટ લાઈટ, બાઉન્ડ્રી વોલ, વોકીંગ ટ્રેક, ચીલ્ડ્રન પ્લે એરિયા, ઓપન જીમ, સિક્યુરીટી કેબીન, સ્ટોર રૂમ, ટોયલેટ, પાર્કીંગ, વોટર બોડી, બાકળા, પીવાના પાણીની સુવિધા, આર્કષિત મેઈન ગેટ વગેરેની કામગીરી કરવાની થાય છે. આથી તે પરત્વે બગીચો બનાવવાના અંદાજો તૈયાર કરાવવા લગભગ રૂ. ૧,૧૧,૧૬,૧૬૦/-(અંકે રૂપિયા એક કરોડ અગિયાર લાખ સોળ હજાર એકસો સાઈઠ પુરા) જેટલો ખર્ચ થાય તેમ છે. આથી તે મુજબ બગીચાની કામગીરી કરવા થનાર ખર્ચને મંજુરી આપવા તથા બગીચો બનાવવા માટેના ડી.પી.આર. બનાવવા સહીતની સુપરવિઝનની કામગીરી માટે પી.એમ.સી. અને આયોજન અને ડ્રોઈંગને લગત કામગીરી કરવા માટે આર્કીટેકટની નિમણુંક કરવા મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા આ વિસ્તારમાં ગાર્ડનની સુવિધા કરવા ગાર્ડનના ઓપરેશન અને મેન્ટેનન્સ સાથે ડી.પી.આર. તૈયાર કરાવવા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક ( ૨૭૫૬ )** :મોજે ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨ ના એફ.પી. ૫૭, ૬૦ અને ૬૧ માં તળાવ તથા ગાર્ડન ડેવલોપ કરવાની કામગીરી માટે થનાર અંદાજીત ખર્ચ રૂ. ૧,૧૧,૧૬,૧૬૦/- ને મંજુરી આપવા તથા વિગતવાર આયોજન કરવા આર્કીટેકટ અને ડી.પી.આર. તૈયાર કરી કામગીરીની દેખરેખ કરવા માટે પી.એમ.સી. ની નિમણુંક કરવા અંગેની આગળની કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર: (૭)** માન. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ખાનપુર-અંકોડિયા ટી.પી.-૨, એફ.પી.નં. ૧૩ માં ૨૨૪ ફલેટ તથા ૧૮ દુકાનોની આવાસ યોજનામાં ONGC ની પાઈપલાઈનને કારણે આયોજનમાં ફેરફાર કરવાથી થનાર વધારાના ખર્ચને મંજુરી આપવા બાબત.

વુડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨ ના એફ.પી. ૧૩ માં બનાવવામાં આવતા આવાસ યોજનામાં ૨૨૪ આવાસો તથા ૧૮ દુકાનો બનાવવા ભુમિ પ્રોકોન પ્રા. લી., વડોદરાને તા. ૦૭/૧૧/૨૦૧૯ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. આથી સદર આવાસ યોજનામાં મંજુર થયેલ નકશા મુજબની કામગીરી ભુમિ પ્રોકોન પ્રા. લી., વડોદરા દ્વારા ચાલુ કરેલ હતી. કામગીરીમાં બે ટાવરની ખોદાણની કામગીરી દરમ્યાન આ પ્લોટને અડીને જતી ઓ.એન.જી.સી. ની ગેસ લાઈન બાંધકામથી વિકાસ પરવાનગી મુજબ ૧૫ મીટર દૂર દર્શાવેલ હોવા છતા ઓ.એન.જી.સી. ના અધિકારીશ્રીઓ દ્વારા સ્થળે વધુ ૫ મીટર દૂર બાંધકામ કરવા જણાવી કામગીરી અટકાવેલ હતી. જે મુજબ ટાવર એ અને બી ની કામગીરી બંધ કરાવી આર્કીટેકટ મારફત જમીનની ઉપલબ્ધી મુજબ GDCR ના નિયમોની મર્યાદામાં નવીન આયોજન કરાવેલ હતુ. જે મુજબ નવીન નકશા પ્રમાણે બાંધકામ કરવાથી ૦૮ કલ્સ્ટરના ૦૪ ટાવર A, B, C અને D અલગ-અલગ બનાવવાના હતા તેના બદલે ટાવર A-B ૧૪ કલ્સ્ટર, B-C ૧૪ કલ્સ્ટર અને C-D ૦૪ કલ્સ્ટર મળીને કુલ ૦૩ ટાવર નવીન આયોજન મુજબ બાંધકામ કરવાનું થતુ હતુ. જેમાં ટાવર-A ના ફુટીંગ થઈ ગયેલ તથા સ્લેબની કામગીરી ચાલુ હોવાથી ફેરફાર આવતા ટાવર-B ના ૦૬ કલ્સ્ટરને ટાવર-A સાથે જોઈન્ટ કરવા તથા ટાવર-D માં ફુટીંગ થઈ ગયેલ તથા સ્લેબની કામગીરી ચાલુ હોવાથી ફેરફાર આવતા ટાવર-C ના ૦૬ કલ્સ્ટરને જોઈન્ટ કરતા ફુટીંગની સાઈઝ વધેલ, એક્સપાન્સન જોઈન્ટ આપવામાં આવતા સ્ટ્રકચરના મેમ્બરની પોઝીશનમાં ફેરફાર થયેલ, લિફટની સંખ્યામાં વધારો થયેલ હોવાના કારણે ટેન્ડર કોસ્ટીંગમાં વધારો થાય તેમ હોવાથી ઈજારદારશ્રીને પણ વધારાના ખર્ચ સાથે કામગીરી કરાવવી જરૂરી હોવાથી સદર વિગતે મુદ્દો વુડા બોર્ડ બેઠક નં. ૨૪૬ ના મુદ્દા નં. ૭ માં રજુ થતા બોર્ડ બેઠકના તમામ સભ્યશ્રીઓ દ્વારા ઠરાવ ક્રમાંક નં. ૨૭૨૭ થી લગભગ રૂ. ૧.૨૫ કરોડના વધારાના ખર્ચને મંજુરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ તે પરત્વે ઈજારદારશ્રી દ્વારા નવીન આયોજન મુજબ સ્ટ્રકચરલ ડિઝાઈન કરાવી કામગીરી શરૂ કરેલ છે. જે મુજબ ટેન્ડર મુજબના આયોજન પરત્વે કામગીરીના મૂળ વર્કીંગ ડ્રોઈંગ તથા ફેરફારને કારણે બનેલ વર્કીંગ ડ્રોઈંગ્સ મુજબ પી.એમ.સી. પાસે એસ્ટીમેટ તૈયાર કરાવતા મંજુર થયેલ ટેન્ડરના કોસ્ટીંગમાં રૂ. ૧,૪૬,૯૪,૭૫૪/- નો વધારાનો ખર્ચ થાય તેમ છે. સદર એસટીમેટ પી.એમ.સી. દ્વારા R & B ના ૨૦૧૫-૨૦૧૬ ના SOR પ્રમાણે ગણતરી કરતા બનાવવામાં આવેલ છે. પી.એમ.સી. દ્વારા રજુ થયેલ એકસેસ એસ્ટીમેટની વધારાની રકમની તાંત્રિક મંજુરી અંગેની કમીટી દ્વારા તા. ૦૭/૦૯/૨૦૨૧ ના રોજ તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે. આથી પ્રધાનમંત્રી આવાસ યોજનાના નિયત બાંધકામ ખર્ચમાં થનાર વધુ ખર્ચ રૂ. ૧,૪૬,૯૪,૭૫૪/- ને મંજુરી આપવા તથા થયેલ કાર્યવાહીને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા થયેલ કાર્યવાહીને બહાલી આપવા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક ( ૨૭૫૭ ):**મોજે ખાનપુર-અંકોડિયા ટી.પી.-૨, એફ.પી.નં. ૧૩ માં ઓ.એન.જી.સી. ની ગેસ લાઈનને કારણે આયોજનમાં ફેરફાર કરવામાં આવતા નવીન આયોજન મુજબ કામગીરી માટે નિયત ટેન્ડર રકમમાં થનાર વધારાના રૂ.૧,૪૬,૯૪,૭૫૪/- ના ખર્ચને મંજુરી આપવા તથા આ અંગેની આગળની કરવાની થતી તમામ કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર: (૮)** હયાત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બાંધવામાં આવેલ આવાસ યોજનાઓ તથા રોડ, કાંસ, ડ્રેનેજ માં ઈજારદારશ્રીની પર્ફોમન્સ ગેરેન્ટી/સીકયોરીટી ડીપોઝીટની રકમ ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નો અમલ કરવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અત્રેની કચેરી દ્વારા કુલ ૨૧ પ્લોટોમાં આવાસોના બાંધકામ માટે ટેન્ડર પ્રક્રિયા કરી ઈજારદારશ્રી નક્કી કરી આવાસોના બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેમાં ટેન્ડરના નિયમ મુજબ વર્ક ઓર્ડર આપતા સમયે ઈજારદારશ્રીઓ પાસેથી એસટીમેટ રકમના ૨.૫% લેખે સીકયોરીટી ડિપોઝીટ અત્રે જમા કરવામાં આવેલ છે તથા રનીંગ બીલમાંથી થયેલ કામગીરીના ૨.૫% લેખે સીકયોરીટી ડિપોઝીટ તથા ૫% લેખે પર્ફોમન્સ ગેરેન્ટીની રકમ કપાત કરવામાં આવે છે. આમ મળી કુલ ૧૦% રકમ જમા રાખવામાં આવે છે. તાજેતરમાં COVID-19 ની પરિસ્થિતિને ધ્યાને લઈ ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગના તા. ૦૧/૦૬/૨૦૨૧ ના ઠરાવથી પત્ર હયાત ચાલુ પ્રોજેકટ માટે પર્ફોમન્સ ગેરેન્ટી/સીકયોરીટી ડીપોઝીટની કુલ ૭.૫% રકમ પૈકી એસટીમેટ રકમના ૩% પર્ફોમન્સ ગેરેન્ટી/સીકયોરીટી ડીપોઝીટ જમા લઈ બાકીની રકમ છુટી કરવા તથા રનીંગ બીલ માંથી થયેલ કામગીરીના ૨.૫% મુજબ કપાત કરવામાં આવતી રકમ યથાવત રાખવા જોગવાઈ થયેલ છે. તે પરત્વે જેતે પ્રોજેકટના અલગ-અલગ ઈજારદારશ્રીઓ દ્વારા COVID-19 ના કારણે થયેલ લોક ડાઉન, નાઈટ કરફ્યુ, બાંધકામના માલ-સામાન અને મટીરીયલમાં થયેલ ભાવ વધારો, લેબરની અછત, મટીરીયલ ટ્રાન્સ્પોર્ટેશનના કારણે થયેલ નાણાકિય તંગીના લીધે ઉદભવેલ મુશ્કેલીઓના કારણે સરકારશ્રી દ્વારા બહાર પાડેલ ઠરાવ મુજબ પર્ફોમન્સ ગેરેન્ટી/સીકયોરીટી ડીપોઝીટની રકમ છુટી કરવા રજુઆત કરેલ હતી. ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસિયેશન, અમદાવાદ દ્વારા પણ હાલની પરિસ્થિતી તથા સરકારશ્રીના પરીપત્ર મુજબ પર્ફોમન્સ ગેરેન્ટી/સીકયોરીટી ડીપોઝીટની રકમ છુટી કરવા રજુઆત કરેલ હતી. આ બાબતે અધિક મુખ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી નિર્માણ વિભાગની તા. ૨૩/૦૬/૨૦૨૧ ની રીવ્યુ મીટીંગમાં પણ રજુઆત થતા બોર્ડમાં નિર્ણય લઈ અમલ કરવા નક્કી થયેલ હતુ તથા તે મુજબ ઔડા હાઉસીંગ બોર્ડ, રૂડા, એ.એમ.સી. દ્વારા અમલ ચાલુ કરેલ હોઈ, ઈજારદારશ્રીઓ દ્વારા કરેલ રજુઆત તથા ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસિયેશન, અમદાવાદ દ્વારા કરેલ ભલામણ ધ્યાને લઈ ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરના તા. ૦૧/૦૬/૨૦૨૧ ના પરિપત્ર મુજબ હયાત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ચાલતા પ્રોજેકટો, રોડ, કાંસ, ડ્રેનેજ માટે ૩% પર્ફોમન્સ ગેરેન્ટી/સીકયોરીટી ડીપોઝીટ બેન્ક ગેરેન્ટીના ફોર્મમાં જમા લઈ તથા થયેલ કામગીરીના ૨.૫% મુજબની રકમ રનીંગ બીલમાંથી કપાત કરવાનું યથાવત રાખી બાકીની રકમ છુટી કરવા બોર્ડ બેઠકની મંજુરીની અપેક્ષાએ હાલ ચાલુ કામગીરી હોય તેવી યોજનાઓમાં અમલ ચાલુ કરવામાં આવેલ છે. આથી સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના તા. ૦૧/૦૬/૨૦૨૧ ના ઠરાવ પરત્વે કરવામાં આવેલ અમલીકરણની કાર્યવાહીને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે સાદર રજુ થતા થયેલ કાર્યવાહીને બહાલી આપવા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૫૮)**:ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા COVID-19 સંદર્ભે બાંધકામની ચાલુ કામગીરીમાં ઈજારદારશ્રીઓને નાણાકીય પ્રવાહતા જળવાઈ રહે તે માટે ૩% ડીપોઝીટ જમા રાખી ૨.૫% ડીપોઝીટ રનીંગ બીલ માંથી કપાત કરવા તથા બાકીની ડીપોઝીટ/પર્ફોમન્સ ગેરેન્ટીની રકમ ઈજારદારશ્રીઓને પરત આપવા થયેલ ઠરાવનો અમલ વુડાની ફકત હાલ ચાલુ હોય તેવી આવાસ યોજનાઓ, રોડ, કાંસ, ડ્રેનેજ વગેરે કામગીરીમાં કરવા માટે ઠરાવ થયેલ અમલીકરણની કાર્યવાહીને બહાલી આપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર: (૯)** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને ૨૦૨૦-૨૧ ના વાર્ષિક હિસાબોને બહાલી આપવા બાબત.

વડોદરા શહેરી વીકાસ સત્તામંડળનો સને ૨૦૨૦-૨૧ ના વાર્ષિક હિસાબો તૈયાર કરી સત્તામંડળની બહાલી માટે રજુ કરેલ છે.

<u>**ઠરાવ ક્રમાંક (૨૭૫૯)**</u> : સત્તામંડળના સને ૨૦૨૦-૨૧ ના વાર્ષિક હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**અધ્યક્ષ સ્થાનેથી:**

**મુદ્દા નંબર: (૧)** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તૈયાર કરાયેલ અને સરકારશ્રીમાં મંજૂરી સારૂ સાદર કરાયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૪/એ (અંકોડીયા-ખાનપુર-મહાપુરા- સેવાસી) ની હદમાં સમાવિષ્ટ થતાં મોજે ખાનપુરના બ્લોક/રે.સ.નં.૪૪ અને ૬૯ની જમીન માલિક/ડેવલપર દ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલ સ્પે.સીવીલ. એપ્લી નં.૧૧૧૩૯ ઓફ ૨૦૨૧ ની બાબતમાં સિનીયર લીગલ તજજ્ઞ (Senior legal Counsel) ની નિમણુંક કરવા બાબત.

નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પક્ષકારશ્રી – કૃપેશભાઇ એન. પટેલના દ્વારા ફકત વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને પક્ષકાર બનાવીને સ્પે.સીવીલ.એપ્લી.નં.૧૧૧૩૯ ઓફ ૨૦૨૧ તા.૦૪/૦૮/૨૦૨૧ ના રોજ ઓનલાઇન દાખલ કરેલ છે. સદરહું સ્પે.સી.એ.માં જયાં સુધી આખરી નગર રચના યોજના નં.૨૪/એ (અંકોડીયા-ખાનપુર-મહાપુરા- સેવાસી) ને રાજય સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં ન આવે ત્યાં સુધી સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૪/એ ના કેસ નં.૧૩૫ ના ફોર્મ- એફ માં દર્શાવ્યા મુજબ નેટ ડીમાન્ડની રૂ.૧૬,૮૯,૪૨,૨૧૩/- (અંકે રૂપિયા સોળ કરોડ નેવ્યાસી લાખ બેતાલીસ હજાર બસો તેર પુરા) ની રકમ નિયત કરાયેલ વાર્ષિક કપાત વ્યાજની રકમ સહિતના સત્તામંડળમાં રિવાઇઝડ વિકાસ પરવાનગી મેળવતી વખતે જમા કરાવવામાં આવેલ કુલ-૨૪ એડવાન્સ ચેકો વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા બેંકમાં રજુ કરવા નહીં કે જમા કરાવવા નહીં તેમ દાદ માંગીને અત્રેની કચેરીને કે પેનલ એડવોકેટશ્રી- હેમંત મુનશાને સાંભળવાની તક આપ્યા સિવાય પક્ષકારશ્રી – કૃપેશભાઇ એન. પટેલને Interim Relief આપેલ છે.

જે દરમિયાન નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અત્રેથી રજુઆત કરતાં, પીટીશનની મૂળ નકલ અત્રેની કચેરીને/પેનલ એડવોકેટશ્રીને આપવા માટે તેમજ Covid-19 ના કારણોસર Online સુનાવણીના બદલે હાલમાં Offline સુનાવણી નામદાર ગુજરાત હાઇકોર્ટ ખાતે શરૂ કરાયેલ હોવાથી એફીડેવીટ ઇન રીપ્લાય તેમજ પક્ષકાર દ્વારા તે પરત્વે Rejoinder Reply કરવાનો થતો હોવાથી સુનાવણીની આગામી મુદ્દત તા.૦૭/૧૦/૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ છે.

સદરહું પીટીશન કાયદા (Gujarat Town Planning and Urban Development Act-1976 & Rules-1979) ના અર્થઘટનને લગતી હોવાથી અત્રેના પેનલ એડવોકેટશ્રી- હેમંત મુનશા ઉપરાંત/ સિનીયર લીગલ તજજ્ઞ કાઉન્સીલની નિમણુંક કરવી પડે તેમ આવશ્યક જણાયેલ છે. જેથી કરીને સત્તામંડળને કોઇ આર્થિક નુકશાન થાય નહીં તે માટે તેમજ પ્રસ્તુત કેસમાં રાજય સરકારશ્રી પક્ષકાર તરીકે પીટીશનર દ્વારા જોડવામાં આવેલ ન હોવાથી અત્રેની કચેરી દ્વારા બચાવપક્ષે સઘન રજુઆત થઇ શકે. માનનીય અધ્યક્ષશ્રી તેમજ મુખ્ય કારોબારી અધિકારીશ્રી સાથે થયેલ તા.૧૮/૦૮/૨૦૨૧ ના રોજની ચર્ચા પરત્વે પ્રસ્તુત કોર્ટ મેટરની ગંભીરતા ધ્યાને લેતાં નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પ્રેકટીસ કરતા અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ અને નિયમો-૧૯૭૯ ની જોગવાઇઓથી વાકેફ હોય તેવા ગવર્નમેન્ટ પ્લીડર અને AG અને અન્ય સીનીયર કાઉન્સીલર્સનો સંપર્ક કરીને તેઓ દ્વારા વુડાને પ્રસ્તુત મેટરમાં લેનાર લીગલ ફી + ચાર્જીસ માટે વિગતો મેળવવાનું નક્કી કરાયેલ છે. જે અંગે તા.૨૧/૦૮/૨૦૨૧ ના રોજ મુખ્ય કારોબારી અધિકારીશ્રી સાથે AMC અને SMC ના સીનીયર કાઉન્સેલ શ્રી પ્રશાંત દેસાઇ સાહેબનો સંપર્ક કરતાં તેઓએ સુનાવણી દીઠ રૂ.૪૫૦૦૦/- ની રકમનો ચાર્જ પ્રસ્તુત મેટરમાં કરશે તેમ જણાવેલ છે. જયારે એડવોકેટ જનરલશ્રી કમલ ત્રિવેદી સાહેબનાથી સદરહુ મેટરના નામ. જજ સુશ્રા- સંગીતા વિશેન જુનિયર હોવાથી કોર્ટ પ્રોટોકોલ પ્રમાણે એડવોકેટ જનરલશ્રી પ્રસ્તુત મેટર લઇ શકશે નહીં તેમ તેઓએ જણાવેલ છે.

ત્યારબાદ તા.૨૩/૦૮/૨૦૨૧ ના રોજ અન્ય સીનીયર કાઉન્સેલ શ્રી મિહિર જોષી સાહેબ કે જેઓ સદરહુ કાયદાથી અવગત છે તેઓનો સંપર્ક કરતાં તેઓએ સુનાવણી દીઠ રૂ.૩,૩૦,૦૦૦/- (અંકે રૂપીયા ત્રણ લાખ ત્રીસ હજાર પુરા) ની ફીઝ ચાર્જ કરશે તેમ જણાવેલ છે. સદરહુ મેટરના અત્રેના સત્તામંડળના પેનલ એડવોકેટશ્રી – હેમંત મુનશાની નિમણુંક કરાયેલ હોવાથી અને ગવર્નમેન્ટ પ્લીડર સુશ્રી મનીષાબેન લવકુમારનો તા.૨૫/૦૮/૨૦૨૧ ના રોજ રૂબરૂ સંપર્ક કરતાં તેઓ સુનાવણી દીઠ રૂ.૭૫,૦૦૦/- (અંકે રૂપિયા પંચોતેર હજાર પુરા) ની રકમ લીગલ ફીઝ/ચાર્જ તરીકે વસુલ કરશે તેમ તેઓએ સદરહું મેટરનો અભ્યાસ કરીને જણાવેલ છે.

પરંતુ સુશ્રી- મનીષાબેન લવકુમાર અત્રેના પેનલ એડવોકેટશ્રી – હેમંત મુનશા કરતાં જુનિયર હોવાથી સત્તામંડળના પેનલ એડવોકેટશ્રી- હેમંત મુનશા તેઓની સાથે પ્રસ્તુત મેટરમાં કાર્યવાહી કરી શકશે નહીં તેમ જણાવેલ છે.

અત્રેથી તા.૨૧/૦૮/૨૦૨૧ ના રોજ રાજય સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગના ખાસ ફરજ પરના અધિકારીશ્રી સાથે થયેલ રૂબરૂ ચર્ચા અનુસાર અત્રેથી તા.૧૮/૦૮/૨૦૨૧ ના રોજના પત્રાંક:૨૧૨ થી એડવોકેટ જનરલની નિમણુંક રાજ્ય સરકાર પ્રસ્તુત મેટરમાં દાખલ થઇને કરે તે માટે જણાવતાં સદરહુ મેટરમાં માત્ર વુડા જ પક્ષકાર હોવાથી અને રાજય સરકારશ્રી પ્રતિવાદી તરીકે પક્ષકારના હોવાથી હાલમાં સરકારશ્રી દ્વારા એડવોકેટ જનરલશ્રીની નિમણુંક તાત્કાલિક ધોરણે થઇ શકશે નહીં તેમ તેઓએ અભિપ્રાય વ્યકત કરેલ છે.

આમ સદરહુ કેસની આગામી મુદ્દત તા.૦૭/૧૦/૨૦૨૧ ના રોજ ગુરૂવારે રાખેલ હોવાથી અને પ્રસ્તુત કેસમાં એફીડેવીટ ઇન રીપ્લાય તૈયાર કરીને નામદાર ગુજરાત હાઇકોર્ટમાં રજૂ કરવાનો હોવાથી ઉકત સઘળી વિગતો ધ્યાને લઇને, સત્તામંડળના પેનલ એડવોકેટશ્રી-હેમંત મુનશા સાહેબના સંકલનમાં રહીને સત્તામંડળ તરફથી પ્રસ્તુત દાવાનો તેમજ આવા પ્રકારના અન્ય સ્પે.સી.એ.ક્રમાંક ૭૬૩૧ ઓફ ૨૦૨૧ (સુબોધ ડી. શાહ વિરુધ્ધ વુડા + રાજય સરકારશ્રી + મુખ્ય નગર નિયોજકશ્રી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭/સી (ચાપડ), બ્લોક/રે.સ.નં.૨૯+૩૦, મૂળખંડ નંબર ૩૭૩, અંતિમખંડ નંબર ૩૭૩) ની બાબતમાં પણ Interim Relief પીટીશનરને આપવામાં આવેલ હોવાથી સદરહુ બંન્ને દાવાઓનો આખરી નિકાલ આવે નહીં ત્યાં સુધી પ્રત્યેક સુનાવણી દીઠ લઘુત્તમ ચાર્જીસની રકમ રૂ.૪૫૦૦૦/- (અંકે રૂપિયા પીસ્તાળીસ હજાર પુરા) ની મર્યાદામાં રહીને AMC (અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન) અને SMC (સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન) ના પેનલ એડવોકેટ અને સીનીયર કાઉન્સીલશ્રી પ્રશાંત દેસાઇ સાહેબની બચાવપક્ષે રજૂઆત સઘન અને સચોટ કાર્યવાહી થઇ શકે તે માટે નિમણુંક કરવા સારૂ થનાર લીગલ ફીઝના ખર્ચની મંજૂરી અંગે બોર્ડ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાના અંતે નિચે મુજબ ઠરાવવામાં આવ્યુ,

**ઠરાવ ક્રમાંક (૨૭૬૦)** : નામદાર હાઇકોર્ટના સ્પે.સીવીલ.એપ્લી.નં.૧૧૧૩૯ ઓફ ૨૦૨૧ તથા સ્પે.સીવીલ.એપ્લી.નં. ૭૬૩૧ ઓફ ૨૦૨૧ થી વુડા સામે થયેલ સદર બંન્ને દાવા પ્રકરણોમાં; વુડા તરફથી સઘન અને સચોટ કાર્યવાહી થઈ શકે તે માટે સીનીયર કાઉન્સીલશ્રી પ્રશાંત દેસાઇ સાહેબની નિમણુંક કરવા તથા તે અન્વયે થનાર લીગલ ફીના ખર્ચ પેટે ઉકત બંને દાવા પ્રકારણોમાં આખરી નિકાલ આવે નહીં ત્યાં સુધી પ્રત્યેક દાવા પ્રકરણે પ્રત્યેક સુનાવણી દીઠ લઘુત્તમ ચાર્જીસની રકમ રૂ.૪૫૦૦૦/- (અંકે રૂપિયા પીસ્તાળીસ હજાર પુરા) ની મર્યાદામાં રહીને ચુકવવાનુ વુડાના સર્વ સભ્યોશ્રી દ્વારા ચર્ચા વિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.